એલએક્યુ કેસ નં.૨/૨૦૨૧/થલતેજ/નોટીસ કલમ-૨૧(૪)(૫)/વશી-૫૨૧/૨૦૨૨

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી
આપત્તી વ્યવસ્થાપન બિલ્ડીંગ, પહેલો માળ,
જીલ્લા સેવા સદન, સુભાષબ્રીજ સર્કલ
અમદાવાદ તા. ૨૩/૦૨/૨૦૨૨

પ્રતિ,
તલાટીશ્રી
થલતેજ, સરકારી ચાવડી,
ઠે. થલતેજ ગામ પાસે,
તા.ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૫૯

વિષય: જમીન સંપાદન-અમદાવાદ
અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટ પૂર્વ-પશ્ચિમ કોરીડોર થલતેજ મેટ્રો સ્ટેશન માટે
જમીન સંપાદન કરવા બાબત.

મોજે: થલતેજ, તા.ઘાટલોડીયા, જી.અમદાવાદ
અધિનિયમની કલમ-૨૧ (૪) (૫) અન્વયેની નોટીસ.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટ (પૂર્વ-પશ્ચિમ કોરીડોર) ફેઝ-૧ના જાહેર હેતુ માટે સબંધીત જમીનો સંપાદન કરવા માટે નવા જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ ની કલમ ૧૯(૧) અન્વયે નુ આખરી જાહેરનામું સરકારશ્રી મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક- અમ-૨૦૨૧-૬૦૬-મ-જઅમ-૧૨૨૦-૬૮૫-ઘ તા.૩૦/૧૨/૨૦૨૧ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે જાહેરનામાની નકલ આ સાથે સામેલ છે. સદર જાહેરનામામાં દર્શાવેલ સંપાદીત થનાર જમીનો માટે નવા જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૧ની પેટા કલમ-(૪) (૫) નીચેની જાહેર નોટીસની સરકારી અને સંપાદીત થતી જમીનના સ્થળે ચાવડીએ પ્રસિધ્ધ કરવા આ સાથે નોટીસ સામેલ છે. નોટીસ સબંધીત ઈસમોને બજવણી કરી તેમની સહી મેળવી તેમની સહી વાળી નકલ તથા સરકારી ચાવડીએ તથા સંપાદીત થતી જમીનના સ્થળે પ્રસિધ્ધ પંચનામાં સાથે બંન્ને અલગ-અલગ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

બિડાણ: ઉપર મુજબ

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

નકલ સવિનય રવાના-કલેકટરશ્રી,સરદારનગર ટાઉનશીપ શાખા,અમદાવાદ તરફ જાણ થવા સારૂ.

નકલ સવિનય રવાના: જનરલ મેનેજરશ્રી(કોર્પોરેટ પ્લાનીંગ), ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી., બ્લોક નં.-૧, પ્રથમ માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ તરફ

૨/- આસાથે સામેલ રાખેલ સદર એલએક્યુ કેસ-૨/૨૦૨૨ ની કલમ-૨૧(૪)(૫)ની નોટીસમાં જણાવેલ સુનાવણીની તારીખે અને સમયે આપની કચેરીના અધિકૃત/જવાબદાર અધિકારીશ્રીને જરૂરી રેકર્ડ સાથે હાજર રહેવા સુચના અપાઇ જવા વિનંતી સહ.

(૩) નકલ બિડાણસહ રવાનાઃ- એનઆઈસી સેન્ટર, જિલ્લા કલેક્ટર કચેરી અમદાવાદ તરફ આ સાથેની નોટીસ જિલ્લા કલેક્ટરશ્રી અમદાવાદની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધિ કરવા સારૂ.

જાહેર નોટીસ નં એલએક્યુ કેસ નં.૨/૨૦૨૨/થલતેજ/નોટીસ કલમ-૨૧(૪)(૫)/વશી-પ૨૧/૨૦૨૨

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી
આપત્તી વ્યવસ્થાપન બિલ્ડીંગ, પહેલો માળ,
જીલ્લા સેવા સદન, સુભાષબ્રીજ સર્કલ
અમદાવાદ તા.૨૩/૦૨/૨૦૨૨

લેવાની જમીનનો ભોગવટો કરનારાઓને તથા જમીનમાં જેઓને હિત સંબંધ છે. એવું અથવા જેમને એવા હિતસંબંધવાળા માણસોના વતી કામ ચલાવવાનો હક છે એવુ અથવા લાગતુ હોય એવા માણસોને સને ૨૦૧૩ ના ૩૦ મા અધિનિયમની કલમ-૨૧ ની પેટા કલમ (૪) અને (૫) પ્રમાણે આપવાની નોટીસનો નમુનો.

---

આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે. અમદાવાદ જિલ્લાના ઘાટલોડીયા તાલુકાના મોજે.થલતેજ ગામની પાસે આવેલી નીચેની અનુસૂચિ મુજબની (પછી તેથી કાંઇ ઓછી વતી) જમીન અને જેના ઉપર થોડા દિવસ અગાઉ જ હક્ક વિગેરે દર્શાવવામાં આવીને તે ઉપર કોઇપણ ઇમારતો, બાંધવામાં આવી હોય તે સાથે માપવામાં આવી છે. તે ગુજરાત રાજ્યના સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ જાહેરનામા ક્રમાંક- અમ-૨૦૨૧-૬૦૬-મ-જઅમ-૧૨૨૦-૬૮૫-ધ તા.૩૦/૧૨/૨૦૨૧ મુજબ ૨૦૧૩ના ૩૦મા એક્ટની અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના પૂર્વ-પશ્ચિમ કોરીડોર માટે જમીન સંપાદન થવામાં છે.

જો આ જમીનમાં તમારો કોઇ પણ હીત સંબંધવાળા અથવા એવા હીત સંબંધવાળા માણસની વતી કામ ચલાવતા તમામ હક્ક હોય તો તેમને તા.૨૮/૦૩/૨૦૨૨ ના રોજ ઉપર લખ્યા સરનામે અત્રેની કચેરી ખાતે બપોર ના. ૧૨=૦૦ કલાકે પોતાની જાતે અથવા મુખત્યાર મારફતે જરૂરી ઓળખપત્ર તેમજ અન્ય આધારપુરાવાની નકલો સાથેહાજર થઇને સદરહુ જમીનના એવા હીત સંબંધ માટે, નુકશાનનો બદલો મળવા વિશે પોતે પોતાના દાવાના રૂપિયાની રકમ તથા તે દાવાની વિગતવાર હકીકત ૧૨ મી કલમ મુજબ કરેલી માપણી સંબંધી તમારી કોઇપણ હરકત હોઇ તો તે પણ જાહેર કરવી.

**અનુસૂચિ**

**અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટના પૂર્વ-પશ્ચિમ કોરીડોર"ની હદમાં સમાવિષ્ટ થતી સંપાદન કરવાની જમીનનું સંક્ષિપ્ત વિવરણ**

જિલ્લા:અમદાવાદ તા:ઘાટલોડીયા ગામ: થલતેજ

| ટી.પી.એસ. નં. | એફ.પી.નં. | સર્વે નંબર | જરૂરી શહેરી જમીનનો વિસ્તાર (ચો.મી.) | ખાતેદારના નામો | કબજેદારના નામો |
|---|---|---|---|---|---|
| ૩૮ | ૧૦ | ૮/૨ | ૪૪ | સિલ્વા એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લી. | સિલ્વા એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લી. |
| ૩૮ | ૧૧ | ૮/૩ | ૫૮ | ન્યુ આનંદ એસોસીએશન | ન્યુ આનંદ એસોસીએશન |

સ્થળ: અમદાવાદ
તા.૨૩/ ૦૨ /૨૦૨૨

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

પ્રતિ,
સબંધીત હીત ધારકો તરફ.

નકલ સવિનય રવાના: જનરલ મેનેજરશ્રી(કોર્પોરેટ પ્લાનીંગ),ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી.,પહેલો માળ. કર્મયોગી ભવન,સેક્ટર-૧૦એ, ગાંધીનગર.

રજી.પો.એડી.થી એલએક્યુ કેસ નં.૨/૨૦૨૧/થલતેજ/નોટીસ કલમ-૨૧(૧)(૨)/વશી-૫૨૧/૨૦૨૨

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી
આપત્તી વ્યવસ્થાપન બિલ્ડીંગ, પહેલો માળ,
જીલ્લા સેવા સદન, સુભાષબ્રીજ સર્કલ
અમદાવાદ તા.23/૦૨/૨૦૨૨

પ્રતિ,
તલાટીશ્રી
થલતેજ, સરકારી ચાવડી,
ઠે. થલતેજ ગામ પાસે,
તા.ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૫૯

વિષય: જમીન સંપાદન-અમદાવાદ
અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટ પૂર્વ-પશ્ચિમ કોરીડોર થલતેજ મેટ્રો સ્ટેશન માટે
જમીન સંપાદન કરવા બાબત.
મોજે: થલતેજ, તા.ઘાટલોડીયા, જી.અમદાવાદ
અધિનિયમની કલમ-૨૧ (૧) (૨) અન્વયેની નોટીસ.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટ (પૂર્વ-પશ્ચિમ કોરીડોર) ફેઝ-૧ના જાહેર હેતુ માટે સબંધીત જમીનો સંપાદન કરવા માટે નવા જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ ની કલમ ૧૯(૧)અન્વયે નુ આખરી જાહેરનામું સરકારશ્રી મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક-અમ-૨૦૨૧-૬૦૬-મ-જઅમ-૧૨૨૦-૬૮૫-ઘ તા.૩૦/૧૨/૨૦૨૧ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે જાહેરનામાની નકલ આ સાથે સામેલ છે. સદર જાહેરનામામાં દર્શાવેલ સંપાદીત થનાર જમીનો માટે નવા જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૧ની પેટા કલમ-(૧)(૨)નીચેની જાહેર નોટીસની સરકારી ચાવડી અને સંપાદીત થતી જમીનના સ્થળે પ્રસિધ્ધ કરવા આ સાથે નોટીસ સામેલ છે. નોટીસ સરકારી ચાવડીએ તથા સંપાદીત થતી જમીનના સ્થળે પ્રસિધ્ધ કરેલ પંચનામાં સાથે બંન્ને અલગ-અલગ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

બિડાણ: ઉપર મુજબ

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

નકલ સવિનય રવાના: (1) કલેકટરશ્રી સરદારનગર ટાઉનશીપ શાખા,અમદાવાદ,તરફ જાણ થવા સારૂ.
નકલ સવિનય રવાના (2) જનરલ મેનેજરશ્રી(કોર્પોરેટ પ્લાનીંગ),ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન લી.,
બ્લોક નં.-૧, પ્રથમ માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ,ગાંધીનગર-૩૮૨૦૧૦ તરફ

૨/- આ સાથે સામેલ રાખેલ સદર એલએક્યુ કેસ નં. ૨/૨૧ ની કલમ-૨૧(૧)(૨) ની નોટીસમાં જણાવેલ સુનાવણીની તારીખે અને સમયે આપની કચેરીના અધિકૃત/જવાબદાર અધિકારીશ્રીને જરૂરી રેકર્ડ સાથે હાજર રહેવા સુચના અપાઇ જવા વિનંતી સહ.

(૩) નકલ બિડાણસહ રવાનાઃ- એનઆઈસી સેન્ટર, જિલ્લા કલેક્ટર કચેરી અમદાવાદ તરફ આ સાથેની નોટીસ જિલ્લા કલેક્ટરશ્રી અમદાવાદની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધિ કરવા સારૂ.

એલએક્યુ કેસ નં.૨/૨૦૨૧/થલતેજ/નોટીસ કલમ -૨૧(૧)(૨) વશી-૫૨૧/૨૦૨૨

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી
આપત્તી વ્યવસ્થાપન બિલ્ડીંગ, પહેલો માળ,
જીલ્લા સેવા સદન, સુભાષબ્રીજ સર્કલ
અમદાવાદ તા.૨૩/૦૨/૨૦૨૨

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ ની કલમ-૨૧ (૧) (૨) નીચે

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમદાવાદ જીલ્લાના ઘાટલોડીયા તાલુકાના થલતેજ ગામની નીચે અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેની જમીનો પર કોઇ મકાન આવેલ હોય તો તે સહિત સરકાર ધ્વારા ૨૦૧૩ના અધિનિયમ નં-૩૦ હેઠળ અને ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક- અમ-૨૦૨૧-૬૦૬-મ-જઅમ-૧૨૨૦-૬૮૫-ઘ તા.૩૦/૧૨/૨૦૨૧ અનુસાર અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટના પૂર્વ-પશ્ચિમ કોરીડોર માટે જમીન સંપાદન થવામાં છે જે ગુજરાતી વર્તમાન પત્ર ગુજરાત સમાચાર તા.૧૭/૦૧/૨૦૨૨ અને અંગ્રેજી વર્તમાનપત્ર ધી ટાઈમ્સ ઓફ ઈન્ડીયામાં તા.૧૪/૦૧/૨૦૨૨ રોજ પ્રસિધ્ધ થયેલ છે.

**<u>અનુસુચિ</u>**

**<u>અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટના પૂર્વ-પશ્ચિમ કોરીડોર"ની હદમાં સમાવિષ્ટ થતી સંપાદન કરવાની જમીનનું સંક્ષિપ્ત વિવરણ</u>**

જિલ્લા:અમદાવાદ તા:ઘાટલોડીયા ગામ: થલતેજ

| ટી.પી.એસ. નં. | એફ.પી.નં. | સર્વે નંબર | જરૂરી શહેરી જમીનનો વિસ્તાર (ચો.મી.) | ખાતેદારના નામો | કબજેદારના નામો |
|---|---|---|---|---|---|
| ૩૮ | ૧૦ | ૮/૨ | ૪૪ | સિલ્વા એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લી. | સિલ્વા એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લી. |
| ૩૮ | ૧૧ | ૮/૩ | ૫૮ | ન્યુ આનંદ એસોસીએશન | ન્યુ આનંદ એસોસીએશન |

આથી ઉપરોક્ત જમીનમાં હિત ધરાવતી વ્યક્તિઓને જણાવવામાં આવે છે કે તેમને તા.૨૮/૦૩/૨૦૨૨ ના રોજ ઉપર લખ્યા સરનામે અત્રેની કચેરીમાં બપોરના-૧૨=૦૦ કલાકે જમીનમાંના તેમના હિતનો પ્રકાર તે માટેના વળતર અંગેના હકદાવાની વિગત તથા રકમ અને અધિનિયમની કલમ-૧૨ હેઠળ માપ અંગે કોઇ વાંધો હોય તો તે જણાવવા માટે જાતે કે તેમના પ્રતિનિધિ જરૂરી ઓળખપત્ર તેમજ અન્ય આધારપુરાવાની નકલો સાથેહાજર થવું

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

સ્થળ: અમદાવાદ
તા.૨૩/૦૨/૨૦૨૨

નકલ સવિનય રવાના:- જનરલ મેનેજરશ્રી (કોર્પોરેટ પ્લાનીંગ) ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન લી., કર્મયોગી ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.

નકલ રવાના : એનઆઈસી સેન્ટર, જિલ્લા કલેક્ટર કચેરી અમદાવાદ તરફ આ સાથેની નોટીસ જિલ્લા કલેક્ટરશ્રી અમદાવાદની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધિ કરવા સારૂ.